VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ભારતીય જ્ઞાન પ્રણાલી ના ગૌરાન્વિત ઈતિહાસ ના પરિપ્રેક્ષ્ય માં તક્ષશિલા તેમજ નાલંદા વિદ્યાપીઠ અંગે પ્રાથમિક સમીક્ષાત્મક રજુઆત

**ડૉ. ભાવેશ એ. પ્રભાકર**

સ્વતંત્ર સંશોધનકાર

પીએચ.ડી. એસ.ડી. સ્કૂલ ઓફ કોમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ 380009, ગુજરાત, ભારત.

## અમૂર્ત

વિદ્વાન હોવું અને રાજા હોવું એમ બંને સરખા નથી, રાજા પોતાના દેશમાં જ પૂજાય છે જ્યારે વિદ્વાન વ્યક્તિ સર્વત્ર પૂજાય છે. આ પ્રકારના વિચારો ભારતીય જ્ઞાન પરંપરા નું મહત્વ દર્શાવે છે. શિક્ષણની સફર ગુરુકુલ અને આશ્રમથી શરૂ થઈ ઉન્નતિ કરી વિશ્વવિદ્યાલયમાં પરિવર્તન પામ્યું. પ્રાચીન ભારતમાં શિક્ષણના પ્રમુખ કેન્દ્ર તરીકે તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ ખૂબ જ પ્રખ્યાત હતા. આ વિદ્યાપીઠો એ ભારતીય શિક્ષણને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું અને ભારતીય વિચારધારા અને સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર પણ કર્યું હતું. તક્ષશિલા વિદ્યાપીઠ માં રાજનીતિ, શસ્ત્ર વિજ્ઞાન, આયુર્વેદ, વિધિ જ્ઞાન, વ્યાકરણ વગેરે મુખ્ય વિષય શીખવવામાં આવતા હતા અહીં વિશેષજ્ઞતા માટે જ વિદ્યાર્થીઓ આવતા હતા જાયરે નાલંદા વિદ્યાપીઠ માં બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનું શિક્ષણ, યોગ, ચિકિત્સા, વેદ, ગણિત વગેરે નું શિક્ષણ પણ આપવામાં આવતું હતું, ભારતની સુપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠને ૮૦૦ વર્ષ પછી તેનો પુનઃઆરંભ કરવામાં આવ્યો છે.

**કીવર્ડ્સ:** ભારતીય જ્ઞાન પરંપરા, સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર, તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ.

## ૧. પરિચય

**विद्वत्वं च नृपत्वं च नैव तुल्ये कदाचना। स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥**

વિદ્વાન હોવું અને રાજા હોવું એમ બંને સરખા નથી, રાજા પોતાના દેશમાં જ પૂજાય છે જ્યારે વિદ્વાન વ્યક્તિ સર્વત્ર પૂજાય છે. આ પ્રકારના વિચારો ભારતીય જ્ઞાન પરંપરા નું મહત્વ દર્શાવે છે.

વિશ્વમાં મુખ્યત્વે બે જ પ્રકારની જ્ઞાન પરંપરા જોવા મળે છે, એક મધ્ય એશિયાની જ્ઞાન પરંપરા અને બીજી ભારતીય જ્ઞાન પરંપરા. ભારતીય જ્ઞાન પરંપરા સનાતન ગંગાપ્રવાહ છે. ગંગા નો પ્રવાહ એક વ્યવહારિક પ્રવાહ છે તેમાં જલ તો બદલાઈ જાય છે, પરંતુ નદી તો ગંગાજ રહે છે. એવી રીતે ભારતીય જ્ઞાન પ્રવાહમાં પણ નવું નવું જ્ઞાન ઉમેરાતું રહે છે પરંતુ તેનું મૌલિક સ્વરૂપ તો ભારતીય જ રહે છે.

ભારત દેશ વિદ્યાની ભૂમિ તરીકે જગવિખ્યાત હતો. પ્રાચીનકાળમાં ભારતીય જ્ઞાન પ્રણાલિકાની બોલબાલા રહી હતી. ભારત દેશ ઋષિમુનિઓનો દેશ છે. જુદા જુદા ઋષિમુનિઓએ જુદા જુદા વિષયના જ્ઞાતા હતા. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષણની ગુરુકુળ પ્રણાલી પ્રવર્તતી હતી, એ સમયે શિક્ષણનું પ્રમુખ કેન્દ્ર ગુરુકુળ સર્વત્ર વિદ્યામાન હતું જે શાંત સુરમ્ય અને એકાંત સ્થાને જોવા મળતા હતા. ગુરુકુળ પ્રણાલીમાં વિદ્યાર્થી આશ્રમ/તપોવનમાં રહીને શિક્ષા પ્રાપ્ત કરતા હતા,

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ગુરુ શિક્ષા ની સાથે-સાથે આ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ પણ કરતા હતા. આ ગુરુકુળ ધીરે ધીરે શિક્ષણના મોટા કેન્દ્રો બન્યા.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ ભારત દેશની શિક્ષણ પ્રણાલી પણ વિકસિત થઈ શિક્ષણની આ સફર ગુરુકુલ અને આશ્રમથી શરૂ થઈ ઉન્નતિ કરી વિશ્વવિદ્યાલયમાં પરિવર્તન પામ્યું. પ્રાચીન સમયમાં ભારત વિશ્વમાં શિક્ષણનું સૌથી મોટું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. જેથી ભારતને વિશ્વ ગુરુ પણ કહેવામાં આવતું હતું. પ્રાચીન ભારતમાં શિક્ષણના પ્રમુખ કેન્દ્ર તરીકે તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ ખૂબ જ પ્રખ્યાત હતા.

## ૨. તક્ષશિલા વિદ્યાપીઠ



Source: https://hindi.news18.com/news/knowledge/history-of-takshshila-university

તક્ષશિલા એ વિશ્વપ્રસિદ્ધ અને સૌ પ્રથમ વિશ્વવિદ્યાલય હતી, રામાયણ અનુસાર તક્ષશિલા નગરની સ્થાપના રાજા ભરતના પુત્ર તક્ષ દ્વારા કરવામાં આવી હતી. જે સમય જતા શિક્ષણનું મહત્વનું કેન્દ્ર બન્યું.

ઇસવીસન પૂર્વે સાતમી સદીમાં આ વિદ્યાપીઠ ની સ્થાપના થઈ હોય તેવું માનવામાં આવે છે, વર્તમાન સમયમાં તક્ષશિલાએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતનું મહત્વનું પુરાતાત્વિક સ્થળ છે જે રાવલપિંડીથી આશરે ૩ ૨ કિ.મી ઉત્તર પશ્ચિમે આવેલું છે, જે પ્રાચીન સમયમાં ગાંધાર ક્ષેત્રની રાજધાની હતું.

આ વિદ્યા કેન્દ્ર ગુરુકુળ સ્વરૂપનું હતું વિદ્યાર્થીઓ ગુરુ આચાર્યને ઘેર રહેતા હતા, તક્ષશિલામાં હિન્દુ અને બુદ્ધ શિક્ષા આપવામાં આવતી હતી. આ ઉપરાંત રાજનીતિ, શસ્ત્ર વિજ્ઞાન, આયુર્વેદ, વિધિ જ્ઞાન, વ્યાકરણ વગેરે મુખ્ય વિષય પણ શીખવવામાં આવતા હતા, અહીં વિશેષજ્ઞતા માટે જ વિદ્યાર્થીઓ આવતા હતા.

ભારતીય ઇતિહાસના કેટલાક પ્રસિદ્ધ વિદ્વાનો અને મહાપુરુષ જેવા કે ચાણક્ય, મહર્ષિ ચરક, પાણીની, વસુમિત્ર, પ્રસન્ન જીત, ચંદ્રગુપ્ત મૌર્ય વગેરે અહીં અભ્યાસ કર્યો હતો.

ચીન, ગ્રીસ, આરબ દેશોના વિદ્યાર્થીઓ પણ અહીં શિક્ષણ લેવા માટે આવતા હતા, તક્ષશિલા વિશ્વવિદ્યાલય એટલું પ્રસિદ્ધ થયું હતું કે દેશ વિદેશના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા અહીં આવતા હતા જેવો પ્રારંભિક શિક્ષા પુરી કરીને ઉચ્ચ શિક્ષણ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

લેવા માટે અહીંયા આવતા હતા. પાંચમી સદીમાં હૂણોના આક્રમણને પરિણામે આ નગરનો નાશ થયો હતો, વર્તમાનમાં આ વિશ્વ વિદ્યાલયના કેવલ અવશેષો જોવા મળે છે.

## ૩. નાલંદા વિદ્યાપીઠ



Source: https://en.wikipedia.org/wiki/Nalanda_mahavihara

બિહારનું પાટનગર પટણાથી આશરે 80 કીમી દૂર બડગાંવ ગામ પાસે આ વિદ્યા પીઠ આવેલ છે.

ભારતમાં આવેલા બે ચીની પ્રવાસીઓ હ્યુએન સાંગ તથા ઇત્સિંગે નાલંદા વિદ્યાપીઠ વિશે માહિતી આપી છે.

નાલંદા વિશ્વવિદ્યાલય વિશે પુરાતત્વ વિભાગના ઉત્ખનન, બોદ્ધ ગ્રંથો, ચીની યાત્રીઓના વિવરણને આધારે જરૂરી માહિતી મળે છે. ચીની પ્રવાસી યુઆન શુઆંગના જણાવવા મુજબ રાજા શક્રાદિત્યે (કુમારગુપ્ત પહેલો) એક મઠ બાંધીને નાલંદાનો પાયો નાખ્યો. એના પુત્ર બુદ્ધગુપ્તરાજે (સ્કંદગુપ્ત) એમાં ઉમેરો કર્યો અને પૌત્ર તથા ગુપ્તરાજે (પરાગુપ્તે) તે કાર્ય આગળ વધાર્યું. ગુપ્તરાજના પુત્ર બાલાદિત્યરાજે (નરસિંહગુપ્ત, 468-472) અને તેના પુત્ર વજ્રે (કુમારગુપ્ત બીજો) વિહારનું બાંધકામ વિસ્તારી પૂર્ણ કર્યું.

હર્ષવર્ધનના સમયમાં નાલંદા વિદ્યાપીઠ એ આંતરરાષ્ટ્રીય ખાયતી પ્રાપ્ત કરેલી હતી. નાલંદા વિદ્યાપીઠ 1.6 કિમી. લાંબા અને 0.80 કિમી. પહોળા વિસ્તારમાં ફેલાયેલી હતી, જે લાલ પથ્થર અને ઈંટોમાંથી બનાવવામાં આવી હતી, જેમાં આઠ મોટા ભાવનો અને 300 વર્ગખંડો હતા. 'ધર્મગંજ' નામે પ્રસિદ્ધ પુસ્તકાલય રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજક નામના ત્રણ વિશાળ ભવનમાં બનેલું હતું. તેમાં વિવિધ વિષયોની હજારો હસ્તપ્રતો અને ત્રણ લાખ કરતાં વધુ પુસ્તકો હતા.

નાલંદા વિદ્યાપીઠ નું સંચાલન પરિષદોના માધ્યમથી થતું હતું, જેમાં મુખ્ય બે પરિષદો હતી (૧) બૌદ્ધિક પરિષદ અને (૨) પ્રશાસનિક પરિષદ. આ વિદ્યાલય ને ચલાવવા માટે જરૂરી પૈસા રાજા દ્વારા દાન સ્વરૂપે આપવામાં આવતા હતા.

અહીં વિદ્યાર્થીઓની સંખ્યા 10,000 જેટલી હતી જ્યારે આચાર્યની સંખ્યા 2000 જેટલી હતી. બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનું શિક્ષણ, બૌદ્ધ ધર્મના 18 અન્ય સંપ્રદાયનું શિક્ષણ, યોગ, ચિકિત્સા, વેદ, ગણિત વગેરે નું શિક્ષણ પણ આપવામાં આવતું હતું. થાઈલેન્ડ, ચીન, તિબેટ, મંગોલિયા, કોરિયા વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ ભણવા માટે અહીંયા આવતા હતા,

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવતો હતો, આચાર્ય વિદ્યાર્થીઓને મૌખિક વ્યાખ્યાન, પુસ્તકોનું વ્યાખ્યાન, શાસ્ત્ર, શંકા, સમાધાન વગેરે માધ્યમોથી શીખવાડતા હતા, શિક્ષણનું માધ્યમ સંસ્કૃત ભાષામાં હતું જ્યારે બૌદ્ધ ધર્મનું શિક્ષણ પાલી ભાષામાં આપવામાં આવતું હતું.

આ વિદ્યાલયે ભારતીય શિક્ષણને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું અને ભારતીય વિચારધારા અને સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર પણ કર્યું હતું. ઈ.સ. ૧૧૯૩ માં તુર્ક સેનાપતિ બખ્તિયાર ખિલજીએ આ વિધાપીઠનો નાશ કર્યો હતો.

વર્ષ ૨૦૦૬ માં અબ્દુલ કલામ કે જેઓ ભારતના રાષ્ટ્રપતિ હતા તેમના દ્વારા નાલંદા યુનિવર્સિટીને કાર્યરત કરવા અંગેનો પ્રસ્તાવ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ૨૦૦૬ માં ચીન, જાપાન, સિંગાપોર, થાઈલેન્ડ અને ભારત સહિતના ૧૨ દેશોએ નાલંદા યુનિવર્સિટીના નવસર્જન માટેનો એક કરાર કરવામાં આવ્યો હતો. નવેમ્બર-૨૦૧૧ માં નાલંદા યુનિવર્સિટી એકટ સંસદમાંથી પસાર કરવામાં આવ્યો અને ૪૫૫ એકર જમીન ફાળવવામાં આવી છે. ભારતની સુપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠને ૮૦૦ વર્ષથી વધારે સમય પછી તેનો પુનઃઆરંભ કરવામાં આવ્યો છે.

## ૪. નિષ્કર્ષ

ભારતીય જ્ઞાન પરંપરા સનાતન ગંગાપ્રવાહ છે, ભારતીય જ્ઞાન પ્રવાહમાં પણ નવું નવું જ્ઞાન ઉમેરાતું રહે છે પરંતુ તેનું મૌલિક સ્વરૂપ તો ભારતીય જ રહે છે. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષણની ગુરુકુળ પ્રણાલી પ્રવર્તતી હતી આ ગુરુકુળ ધીરે ધીરે શિક્ષણના મોટા કેન્દ્રો બન્યા. પ્રાચીન ભારતમાં શિક્ષણના પ્રમુખ કેન્દ્ર તરીકે તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ ખૂબ જ પ્રખ્યાત હતા.

તક્ષશિલા એ વિશ્વપ્રસિદ્ધ અને સૌ પ્રથમ વિશ્વવિદ્યાલય હતી, ઇસવીસન પૂર્વે સાતમી સદીમાં આ વિદ્યાપીઠ ની સ્થાપના થઈ હોય તેવું માનવામાં આવે છે, નાલંદા વિદ્યાપીઠ ની સ્થાપના ગુપ્ત શાસક કુમારગુપ્ત પ્રથમ (450-470) દ્વારા કરવામાં આવી હતી. તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠ એટલું પ્રસિદ્ધ થયું હતું કે દેશ વિદેશના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા અહીં આવતા હતા જેવો પ્રારંભિક શિક્ષા પુરી કરીને ઉચ્ચ શિક્ષણ લેવા માટે અહીંયા આવતા હતા. તક્ષશિલા વિદ્યાપીઠ માં રાજનીતિ, શસ્ત્ર વિજ્ઞાન, આયુર્વેદ, વિધિ જ્ઞાન, વ્યાકરણ વગેરે મુખ્ય વિષય શીખવવામાં આવતા હતા. અહીં વિશેષજ્ઞતા માટે જ વિદ્યાર્થીઓ આવતા હતા જાયરે નાલંદા વિદ્યાપીઠ માં બૌદ્ધ ધર્મની મહાયાન શાખાનું શિક્ષણ, બૌદ્ધ ધર્મના 18 અન્ય સંપ્રદાયનું શિક્ષણ, યોગ, ચિકિત્સા, વેદ, ગણિત વગેરે નું શિક્ષણ પણ આપવામાં આવતું હતું, આ વિદ્યાપીઠો એ ભારતીય શિક્ષણને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું અને ભારતીય વિચારધારા અને સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર પણ કર્યું હતું. ભારતની સુપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠને ૮૦૦ વર્ષથી વધારે સમય પછી તેનો પુનઃઆરંભ કરવામાં આવ્યો છે.

## સંદર્ભ સૂચિ

1. https://en.wikipedia.org/wiki/Nalanda_mahavihara
2. https://hindi.news18.com/news/knowledge/history-of-takshshila-university
3. https://ncert.nic.in/del/pdf/Suktisaurabham1.pdf
4. https://gujarativishwakosh.org/
5. https://gu.wikipedia.org/wiki/
6. https://tv9gujarati.com/photo-gallery/nalanda-university-history-the-largest-center-of-education-how-the-ruins-were-made-403120.html
7. https://tv9gujarati.com/photo-gallery/nalanda-university-history-the-largest-center-of-education-how-the-ruins-were-made-403120-3.html
8. https://mevada.files.wordpress.com/2018/07/07_chapter-3.pdf
9. https://youtube.com/watch?v=vCbLBBcwDFg&feature=share
10. https://youtube.com/live/WqIfdzVDejg?feature=share
11. https://youtube.com/live/vp7_PRNF9q0?feature=share
12. https://youtube.com/watch?v=p4zm4dz4WYo&feature=share

http://vidyajournal.org

13. https://youtube.com/watch?v=nC1Qdtpn4Go&feature=share

http://vidyajournal.org